દલિત અધિકાર એ જ માનવ અધિકાર

# દલિત અધિકાર (પાક્ષિક)

તંત્રી : પ્રકાશકુમાર આર. મહેરિયા ● R.N.I. No. : GUJGUJ/2005/17601 ● Regd. No. GAMC-1494/2017-19 Valid upto 31-12-2019

વર્ષ : ૧૨ અંક : ૨૨ સળંગ અંક : ૨૮૬ પ્રકાશન : તા. ૧૬-૦૬-૧૭ પોસ્ટીંગ : તા. ૨૦-૦૬-૧૭ પાનાં : ૮ વાર્ષિક લવાજમ રૂ. ૭૫/- છૂટક રૂ. ૩/- 

## દલિત મુસલમાન : અનામત નહીં, સમાનતા

**વિમર્શ**

**ચંદુ મહેરિયા**

આજકાલ માધ્યમોમાં 'તીન તલાક' અને મુસ્લિમ મહિલાઓના માનવ અધિકારોનો મુદ્દો છવાયેલો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઓરિસ્સાના પાટનગર ભુવનેશ્વરમાં મળેલી ભાજપની રાષ્ટ્રીય કારોબારીમાં પક્ષને 'પછાત મુસ્લિમો'ની કોન્ફરન્સ બોલાવવા અને તેમના પ્રશ્નો ચર્ચવા આપેલી સલાહ પાછળ ધકેલાઈ ગઈ છે. ૨૦૧૧ની વસ્તી ગણતરી મુજબ દેશમાં મુસ્લિમોની વસ્તી ૧૭.૨૨ કરોડ એટલે કે દેશની કુલ વસ્તીના ૧૪.૨૩ ટકા છે. આ મુસ્લિમો પૈકીનો બહુમતી વર્ગ પછાત મુસલમાનોનો છે અને તેમાં પોણા ભાગના દલિત મુસલમાનો છે.

સામાન્ય રીતે ઈસ્લામ સમાનતામાં માનનારો ધર્મ મનાય છે. ઈસ્લામનો અર્થ જ બરાબરી છે. તેમાં જાતિપ્રથા નથી. પરંતુ ભારતના હિંદુ ધર્મની વર્ણવ્યવસ્થા અને જાતિપ્રથાએ બીજા ધર્મોમાં પણ પગપેસારો કર્યો છે. એટલે સમાનતાના સિદ્ધાંતમાં માનનારા ઈસ્લામમાં પણ ઉચ્ચનીચના ભેદ અમલમાં છે. વળી આવા ભેદ કંઈ આજકાલના નથી. મુસ્લિમોમાં ઉચ્ચનીચ દર્શાવતા ત્રણ શબ્દો અશરાફ, અજલાફ અને અરજાલ ઉર્દૂ કે ફારસી ભાષાના શબ્દો નથી પરંતુ તળ અરબી ભાષાના શબ્દો છે ! તે મુસલમાનોમાં પ્રવર્તતી આભડછેટનો વિસ્તાર દર્શાવે છે. એટલે દલિત મુસલમાનો ઈસ્લામમાં લાંબા સમયથી અને સમગ્ર દક્ષિણ એશિયામાં અસ્તિત્વમાં હોવાનું માની શકાય. આ સ્થિતિ ઈસ્લામની સમાનતાની વાતને પોથીમાંનાં રીંગણા પુરવાર કરે છે.

ભારતના મોટાભાગના મુસલમાનો ધર્માંતરિત છે. પરંતુ જે હિંદુઓની કહેવાતી નીચલી જાતિમાંથી ધર્મપરિવર્તન કરીને મુસ્લિમો બન્યા છે અને અગાઉના ધર્મના નીચા ગણાતા ધંધા રોજગાર કરે છે તેઓ ધર્મપલટા પછી ઈસ્લામમાં પણ નીચા અને દલિત મુસલમાન જ બની રહ્યા છે. ભારતીય મુસ્લિમોમાં મુખ્યત્વે ત્રણ પ્રકારના કોટિક્રમ જોવા મળે છે. સૈયદ, શેખ, પઠાણ, મલેક, મિરજા અને મોગલ જેવા મુસ્લિમો અશરાફ કહેતાં સૌથી ઉચ્ચપ્રકારના મુસલમાનો ગણાય છે. ખેતકામદાર એવા શેખ અને કારીગર કોમો એવી દરજી, રંગરેજ, ભઠિયારા, ધોબી, હજામ વગેરે મધ્યમ દરજ્જાના અજલાફ તો સફાઈકામ અને અસ્વચ્છ એવા વ્યવસાયો કરતાં હલાલખોર અને લાલબેગી અરજાલ અર્થાત સૌથી નીચા મુસલમાનો મનાય છે.

ભારતના હિંદુઓમાં જે હાલત દલિત હિંદુઓની છે તે જ હાલત ભારતના મુસલમાનોમાં દલિત મુસલમાનોની છે. ''ઓલ ઈન્ડિયા પસમાંદા મુસ્લિમ મહાજ''ના અગ્રણી અલી અનવરે દોઢેક દાયકા પૂર્વે બિહારની રાજધાની પટણાના ૧૦૦ દલિત મુસલમાન પરિવારોના ૫૯૨ સભ્યોનો અભ્યાસ કર્યો હતો. મુસ્લિમ ધોબી, હલાલખોર,,બક્ખો, પવંરિયા, માછીમાર, નાલબંદ અને નટ મુસ્લિમોના આ અભ્યાસનું તારણ હતું કે, આ સો કુટુંબોમાં એકજ યુવાન સ્નાતક હતો, ૭ મેટ્રિક હતા, જોકે તે તમામ બેરોજગાર હતા. અશિક્ષિતોનું પ્રમાણ ૬૨.૫ ટકા હતું. ૨૫ ટકા પરિવારો રોજ એક જ ટંક ખાવાનું પામતા હતા. જે ૭૫% લોકો સવાર-સાંજ બે ટાઈમ રાંધેલુ ખાતા હતા તેમના ભોજનમાં ચાવલ, રોટી અને સબ્જી હતાં. ૫% લોકો જ ક્યારેક દાળ ખાઈ શકતા હતા. માંસાહાર મુસ્લિમોનો ખોરાક મનાય છે. પણ સર્વેક્ષણ હેઠળના ૭૦ ટકા પરિવારો મહિને એકવાર અને બાકીના ૩૦ ટકા અઠવાડિયે એકવાર માંસ ખાઈ શકતા હતા. ૭૮ ટકા લોકો પાસે પગમાં પહેરવાના ચંપલ નહોતા. ૫૮ ટકા પરિવારો ઘરવિહોણા હતા. જે ૪૨ ટકા પાસે ઘરના નામે ભાંગ્યાતૂટ્યા મકાનો હતા તેમાંથી ૨૮ ટકાના ઘરમાં જ જાજરૂની સગવડ હતી. ૫૯૨માંથી એકાદ ડઝન લોકો જ દારૂ-તાડી પીતા હતા. એટલે ઈસ્લામનો શરાબ નિષેધ જોવા મળે છે. માંડ ૨૦ પરિવારના બાળકો જ ઉર્દૂ-અરબી શીખે છે. બધા જ ૧૦૦ કુટુંબો ગરીબીની રેખા નીચે જીવતા હોવા છતાં ૨૫ ટકા કુટુંબો રમજાનમાં ફિતરા (આવકના ચોક્કસ હિસ્સાનું દાન) આપતા હતા. ૨૦% ફિતરા લેતા હતા. તો ૫૫% તેનાથી સંપૂર્ણમુક્ત હતા. માત્ર ૫% મુસ્લિમ પરિવારોના ઘરોમાં જ બકરીઈદના રોજ કુરબાની આપવામાં આવતી હતી. આર્થિક અને શૈક્ષણિક બેહાલીમાં જીવતા આ દલિત મુસલમાનો સામાજિક ભેદભાવો રોજેરોજ સહન કરતા રહ્યા હતા. મસ્જિદમાં નમાજ વખતે ભેગા રહેવા સિવાય સતત જુદાપણું અનુભવતા હતા. મરણ પછી તેમને દફન માટે કબર મળતી નહોતી.લગ્ન જેવા સામાજિક પ્રસંગોએ કથિત ઉચ્ચ મુસલમાનો તેમના ત્યાં આવતા નથી કે તેમના પ્રસંગોમાં બોલાવતા નથી. રોટીબેટી વ્યવહાર થતો નથી અને અલગ વસ્તીમાં રહેતા હતા.

પટણાના દલિત મુસલમાનો વિશેના અલી અનવરના આ લઘુ અભ્યાસના નિષ્કર્ષો ઉત્તરપ્રદેશના દલિત મુસલમાનો અંગેના ગત વરસે થયેલા અભ્યાસમાં પણ જોવા મળે છે. 'ગિરી ઈન્સ્ટિટ્યૂટ ઓફ ડેવલપમેન્ટ સ્ટડિઝ',લખનૌ દ્વારા પ્રશાંત ત્રિવેદી, શ્રીનિવાસ ગોલી, ફહિયુદ્દિન અને સુરિન્દર કુમાર-એ ચાર સંશોધકોએ યુ.પી.ના ૧૪ જિલ્લાના ૭૧૯૫ પરિવારોનો અભ્યાસ કર્યો હતો. આ અભ્યાસમાં દલિત મુસલમાનો પ્રત્યે

ભેદભાવ આચરવામાં આવતો હોવાનું સ્પષ્ટ જોવા મળ્યું હતું. આવો ભેદભાવ કથિત ઉચ્ચવર્ણના હિંદુઓ અને મુસલમાનો બંને તેમના પ્રત્યે રાખે છે. ૨૦.૫૫ ટકા કથિત ઉચ્ચવર્ણના મુસલમાનો અને ૨૫ ટકા કથિત ઉચ્ચવર્ણના હિંદુઓ દલિત મુસલમાનો પ્રત્યે ભેદભાવ રાખતા હોવાનું જોવા મળ્યું હતું. ૮ ટકા દલિત મુસલમાન બાળકોને શાળાના વર્ગ ખંડોમાં અને મધ્યાહ્ન ભોજનમાં અલગ બેસાડવામાં આવતા હતા. દલિત મુસલમાનોના મૃતદેહોને કબ્રસ્તાનમાં દાટવા દેવામાં આવતા નથી કે અલગ ખૂણામાં દફન કરવું પડે છે. મસ્જિદમાં સાથે નમાજ પઢવા દેવામાં આવે છે પણ ત્યાં ય ભેદભાવનો અનુભવ થાય છે. દલિત મુસલમાનો જુદા જ વસે છે અને સામાજિક ધાર્મિક પ્રસંગોએ અન્ય કહેવાતા મુસલમાનો ન એમના ત્યાં આવે છે કે ન તો એમને બોલાવે છે. ૧૩ ટકા દલિત મુસલમાનોને કથિત ઉચ્ચવર્ણના મુસલમાનોના ઘરમાં અલગ વાસણમાં જમવાનું અને પાણી આપવામાં આવે છે. એમને સામાજિક પ્રસંગોએ અલગ જમવા બેસાડે છે.

ઉત્તરપ્રદેશના દલિત મુસલમાનો સાથેના ભેદભાવનું એક સ્વરૂપ તેમને અપમાનજનક અને વ્યવસાયસૂચક શબ્દોથી સંબોધવામાં આવતા હોવાનું પણ છે. હિંદુ દલિતોની કહેવાતી નીચલી જ્ઞાતિઓમાં રોહિત, વાલ્મિકી અને ગુરુબ્રાહ્મણ જેવા સન્માનજનક શબ્દો પ્રચલિત થઈ રહ્યા છે. પરંતુ દલિત મુસલમાનોના સન્માનજનક નામોને બદલે એમને અગાઉના તુચ્છકારક શબ્દોથી જ ઓળખવામાં આવે છે. કુંભારનું કામ કરતા દલિત મુસલમાનો 'ઈંટફરોશ'' તરીકે જાણીતા છે. તેમણે વધુ સન્માનજનક નામ 'ઈંટપજ ઈબ્રાહિમ'' રાખ્યું છે. તો પણ તેમને ભૂતકાળમાં ગધેડા પર ઈંટો લાવવા લઈ જવાનું કામ કરતા લોકો તરીકે ''ગહદેડી'' તરીકે જ ઓળખવામાં આવે છે. નાની મોટી રસોઈના કામ કરતા દલિત મુસલમાનો પોતાની નવી ઓળખ 'ફારુકી'' સ્થાપિત કરવા મથે છે. પણ તેમને 'ભઠિયારા'ની ઓળખમાંથી બહાર આવવા દેવાતા નથી. 'હલાલખોર' નો અર્થ જ મહેનતનો રોટલો રળનાર થાય છે. પણ આ ઓળખ સફાઈકામ કરતા દલિત મુસલમાન સાથે જ જોડાઈ રહી છે. આવું જ લાલબેગીનું છે.

લગભગ તમામ પછાત અને દલિત મુસલમાનોનો સમાવેશ ઓ.બી.સી. અર્થાત સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગોમાં થયો છે. તે મુજબ તેમને શિક્ષણ અને નોકરીઓમાં અનામતનો લાભ મળે છે. મુસ્લિમોનો એક વર્ગ તમામ મુસ્લિમો માટે અનામત માંગે છે તો દલિત મુસલમાનોના નેતાઓ તેમનો સમાવેશ અનુસૂચિત જાતિમાં કરવા સતત મથે છે. હિંદુઓની જે નીચલી જ્ઞાતિઓએ જાતિભેદ અને આભડછેટમાંથી છૂટકારો મેળવવા ધર્મપરિવર્તન કર્યું છે તે નવા ધર્મમાં પણ યોગ્ય સ્થાન મેળવી શકી નથી. આજે તે અનુસૂચિત જાતિમાં સ્થાન માંગે છે તેનો અર્થ તેમનું ધર્મપરિવર્તન અર્થહીન બની ગયું છે. તે બાબતે વિચારવું રહ્યું.

ડો.આંબેડકરના પગલે દલિતોએ મોટાપાયે હિંદુ ધર્મનો ત્યાગ કરી બૌદ્ધ ધર્મ અંગીકાર કર્યો છે. આવા નવબૌદ્ધોને વી.પી.સિંહના વડાપ્રધાનકાળ વખતે અનુસૂચિત જાતિમાં સામેલ કરી અનામતના લાભ આપવામાં આવ્યા છે.એટલે દલિત ખ્રિસ્તીઓ અને દલિત મુસલમાનો પણ અનુસૂચિત જાતિમાં સામેલ થવા માંગે છે. તેમની આ માંગણીના વાજબીપણાની ચર્ચા બાજુ પર રાખીને આ ધર્મો ધર્માંતરિતોને સમાનતાના હક કેમ આપતા નથી તેની ચર્ચા કરવા જેવી છે. દલિત મુસલમાનોના નેતાઓએ તેમની અનુસૂચિત જાતિમાં સામેલગીરીની માંગને બદલે સમાનતાના સિદ્ધાંતને વરેલા ઈસ્લામમાં તેમના બરાબરીના હકની માંગ બુલંદ કરવી જોઈએ. ધર્મ સુધારણા અને સમાજ સુધારણા એ ખરો માર્ગ છે તે તેમણે સમજી લેવું જોઈએ. હાલની દલિત મુસલમાન એવી ઓળખ તેઓ પહેલાં દલિત છે અને પછી મુસલમાન છે તેમ દર્શાવે છે.તેથી તેમણે પોતાની દલિત મુસલમાનની ઓળખને બદલે મુસલમાન દલિતની ઓળખ પ્રસ્થાપિત કરવી જોઈએ.

મહાત્મા ગાંધીએ ખ્રિસ્તીઓ અને મુસલમાનો તેમના ધર્મ બંધુઓ પ્રત્યે જે આભડછેટ અને ભેદભાવ રાખે છે તેને હિંદુઓની દેન તરીકે સ્વીકારીને કહ્યું હતું કે હિંદુઓએ પોતાના ધર્મમાં રહેલી આભડછેટ સમાપ્ત કરીને બીજા ધર્મોનું માર્ગદર્શન કરવું જોઈએ. શેષ કામ બીજા ધર્મોએ જાતે કરવું જોઈએ. ગાંધીજીના આ શબ્દોમાં રહેલું દર્દ અને વાસ્તવ ન માત્ર હિંદુઓએ તમામ ધર્મોએ સમજવું પડશે. દલિત મુસલમાનોની સામાજિક ભેદભાવની અજાણી વ્યથાનો ઉકેલ અનામતમાં નથી સમાજિક અને ધાર્મિક સુધારણામાં છે.

## ખાનગી શાળામાં પ્રવેશ ન આપતાં કેટલું નુકસાન ?

ભારતના બંધારણની જોગવાઈઓ મુજબ દેશના પ્રત્યેક બાળકને દશ વરસમાં મફત અને ફરજિયાત પ્રાથમિક શિક્ષણ આપવાની રાજ્યની ફરજ હતી. પરંતુ છેક ૨૦૦૨માં ૮૬મો બંધારણ સુધારો થયા બાદ ૨૦૦૯માં ફરજિયાત અને મફત પ્રાથમિક શિક્ષણની જોગવાઈ કરતો કાયદો ઘડાયો. આજે આ કાયદાના અમલને આઠ આઠ વરસો થયા બાદ ગુજરાત તેના અમલમાં ઘણું પાછળ છે.

કાયદા મુજબ ખાનગી પ્રાથમિક શાળાઓમાં ઓછામાં ઓછો ૨૫ ટકા પ્રવેશ ગરીબ બાળકોને આપવાનો હોય છે. જો પ્રવેશ અરજીઓ વધુ સંખ્યામાં આવે તો પ્રવેશ સંખ્યા વધારીએ શકાય છે. આ બાળકોની તમામ ફી સરકાર ભરે છે. પરંતુ સરકાર અને ખાનગી શાળાઓ મળીને આ કાયદાનો અમલ કરતા નથી.

ગુજરાત રાજ્યમાં ૧૫૦૦૦ ખાનગી પ્રાથમિક શાળાઓમાં સરેરાશ ૨(બે) વર્ગોમાં ૪૦ વિદ્યાર્થી ગણીએ તો કુલ ૧૨લાખ વિદ્યાર્થી છે. જેમાં ૨૫ ટકા લેખે આરટીઈના કાયદા મુજબ ૩ લાખ ગરીબ બાળકોને પ્રવેશ આપવાનો થાય. પરંતુ ખુદ સરકારે ૨૦૧૫-૧૬માં માત્ર ૨૮,૫૦૦ બાળકોને જ આ કાયદા હેઠળ પ્રવેશ આપ્યો છે. અગાઉના પાંચ વરસોમાં માત્ર ૧૩,૦૩૩ વિદ્યાર્થીઓને જ આ કાયદા હેઠળ પ્રવેશ મળ્યો છે. હાલની ગતિએ આગામી ૧૫ વરસમાં એટલે કે ૨૦૨૪-૨૫માં આ કાયદાનો સંપૂર્ણ અમલ થાય ત્યાં સુધીમાં ગરીબ વર્ગના ૨૦.૪૮ લાખ બાળકો ખાનગી શાળાઓમાં પ્રવેશથી વંચિત રહેશે. તેને કારણે આ સમાજને રૂ. ૨,૪૦, ૩૯૨ કરોડનું નુકસાન થશે.

**ગુજરાત એજ્યુકેશન કમિટી(અધ્યક્ષ : વિપુલભાઈ જાદવ-૯૩૭૪૧ ૧૩૪૦૩) આ દિશામાં જાગ્રત થવા સૌને અપીલ કરે છે.**


## દલિત અધિકાર (પાક્ષિક)

**એક વર્ષના ૨૪ અંકો**

**લવાજમ રૂ. ૭૫**

**બે વર્ષના ૪૮ અંકો**

**લવાજમ રૂ. ૧૫૦**

# ડૉ.આંબેડકર અને બૌદ્ધ ધર્મ

વિશેષ

ડૉ. કાંતિલાલ છ. પરમાર

બૌદ્ધધર્મ ચીલાચાલુ રીતે કહેવાતો ધર્મ નથી. આ ધર્મ કુદરતના કાનૂન આધારિત પ્રકૃતિના કાર્યકારણ નીતિનિયમોનું માળખું છે. તેમાં કુદરતના ગુણધર્મોનો સમાવેશ થાય છે. દાખલા તરીકે અગ્નિનો ગુણ સળગાવવા કે દઝાડવાનો છે તે તેનો પ્રાકૃતિક ધર્મ. બૌદ્ધ ધર્મ પ્રકૃતિના કાનૂનનો પુરસ્કાર કરે છે, તે આધારિત સકારાત્મક જીવન જીવવાનો આગ્રહ સેવે છે. ધમ્મ નિર્ભેળ વિજ્ઞાન છે. બૌદ્ધ ધર્મ કુશળ કર્મમાં વિશ્વાસ ધરાવે છે. તે કુદરત, માનવ શરીર, મનોવિજ્ઞાન, નિર્ભેળ સત્ય અને પ્રકૃતિનું સામંજસ્ય છે. આમાં શરીર વિજ્ઞાન, માનવશાસ્ત્ર અને કુદરત યાને પ્રકૃતિનો સમન્વય છે. એટલા માટે જ બૌદ્ધ ધર્મ કુશળ કર્મનો આગ્રહ રાખે છે. કુશળ કર્મ એટલે કોઈને પણ હાનિ ન પહોંચાડે, પ્રાણીમાત્રનું કલ્યાણ થાય અને પર્યાવરણનું તંદુરસ્ત સંવર્ધન કરે તેવું કર્મ યાને કાર્ય. બૌદ્ધધર્મ અતિશયતાનો નિરોધ કરે છે, એમ જ સ્વેચ્છાચારનો પણ નિરોધ કરે છે. તે સમતોલતા કે મધ્યમમાર્ગનો નિર્દેશ કરે છે. ધમ્મ સુખઃ સંપન્ન જીવનને પ્રબોધે છે.

**ધર્મ પ્રવર્તન**

મુંબઈ ઈલાકા દલિત વર્ગ પરિષદના યેવલા(નાસિક) સંમેલનના અધ્યક્ષપદેથી ડૉ.આંબેડકરે હિંદુ ધર્મના ત્યાગની ઘોષણા તા. ૧૩-૧૦-૧૯૩૫ને વિજ્યાદશમીના દિને કરી હતી. પૂરા એકવીસ વરસ પછી ડૉ. આંબેડકરે ૧૪ ઓકટોબર ૧૯૫૬ની વિજ્યાદશમીના દિને નાગપુર ખાતે એક ઐતિહાસિક ધાર્મિક સમારંભમાં પાંચ લાખ અનુયાયીઓ સાથે પોતાના પૂર્વજોના મૂળ બૌદ્ધ ધર્મમાં વિધિવત પ્રવેશ કર્યો. જે લાખો અસ્પૃશ્યોના સંક્રાંતિકાળનો એક નિર્ણયાત્મક સામાજિક ક્રાંતિનો પ્રસંગ બન્યો.જેમને આજે દલિત તરીકે સંબોધવામાં આવે છે, તે અસ્પૃશ્યો માટે ધાર્મિક હિંદુત્વના જુલમ અને ગુલામીમાંથી મુક્તિ ચીંધતો ઐતિહાસિક પ્રસંગ બન્યો.

**બૌદ્ધધર્મ શા માટે અપનાવ્યો ?**

પોતે શા માટે બૌદ્ધધર્મ પસંદ કર્યો તેના કારણો આપતાં ડૉ. આંબેડકરે કહ્યું-

**૧.** સભ્ય સમાજને નિયંત્રિત અને એકસંપ રાખવા માટે કાંતો કાનૂન અધિકૃત પરવાનગીવાળા સામાજિક આચરણ નિયમો હોવા જોઈએ અથવા તો નૈતિકતા અધિકૃત આચરણ નિયમો હોવા જરૂરી છે. આ બેઉમાંથી એકનું પણ અસ્તિત્વ ન હોય તો સમાજના ટુકડેટુકડા થઈ જશે તે નિશ્ચત છે.

બધાજ સભ્ય સમાજમાં કાયદો ખૂબજ નજીવો ભાગ ભજવે છે, તે લઘુમતીને સામાજિક દાયરાની પરિઘની શિસ્તમાં જાળવી રાખવા માટે હોય છે.બહુમતીને તો કાયદાથી છૂટી મુકવામાં આવે છે અને છૂટી મુકવી જ જોઈએ. જેથી તે સામાજિક જીવનને ગૃહિત સિદ્ધાંત અને નૈતિક આચરણના માન્ય નિયમોથી ટકાવી રાખે. નૈતિકતાના અર્થમાં ધર્મ આથી ખાસ બધા જ સમાજમાં સૈદ્ધાંતિક રીતે ચાલક બળ રહેવું જોઈએ.

**૨.** પ્રથમ વિધાનમાં વ્યાખ્યાયિત ધર્મ વિજ્ઞાન સાથે સુસંગત હોવો જોઈએ. જો ધર્મ વિજ્ઞાન સાથે સુસંગત નહીં હોય તો કાળાંતરે પોતાનું સન્માન ગુમાવી દઈ, હાસ્યાસ્પદ બનીને સામાજિક જીવનને ટકાવી રાખતા ચાલક સિદ્ધાંતોનું સ્વબળ ગુમાવી દઈને સમયાંતરે વિઘટન પામીને નાશ પામશે. બીજા શબ્દોમાં કહીએ તો ધર્મને જો શાસન કરવું હશે તો તેણે વિવેકબુદ્ધિ સંમત વર્તવું પડશે. આ વિવેક બુદ્ધિ એ જ વિજ્ઞાનનું કેવળ બીજું નામ છે.

**૩.** સામાજિક નૈતિકતાની આચારસંહિતાની દ્રષ્ટિએ ધર્મને સ્વાતંત્ર્ય, સમતા અને ભાતૃત્વભાવનાના પાયાના સિદ્ધાંતોને માન્ય રાખવા જ પડશે. જો ધર્મ આ ત્રણ પાયાના સામાજિક જીવનના સિદ્ધાંતોને માન્ય નહીં રાખે તો તેનો અચુક વિનાશ જ થશે.

**૪.** વળી ધર્મએ દ્રારિદ્રયને ધાર્મિક સમર્થન આપીને એક યા બીજી રીતે તેનો મહિમા ન કરવો જોઈએ. જેમની પાસે સંપત્તિ કે દોલત હોય તે તેનો ત્યાગ કરે તે તેમને માટે પરમ સુખમય સ્થિતિ હશે. પરંતુ ગરીબી, કંગાલિયત કદીયે તેમ ન હોઈ શકે. વળી ગરીબી અને કંગાલિયતને ધર્મ દ્વારા આશીર્વાદરૂપે વિધિવત જાહેર કરવી તે ધર્મને વિકૃત કરવા સમાન છે. દુર્ગુણને ચિરસ્થાયી કરવો એ તો કુકર્મને સંમતિ આપી પૃથ્વીને જીવંત દોઝખ બનાવવા સમાન છે.

મારે મન બૌદ્ધધર્મ એક જ એવો ધર્મ છે જે આ બધી કસોટીઓને પાર પાડી સંતોષે છે.

આમ ડૉ.આંબેડકરે દલિતોને શ્રેષ્ઠ ધર્મ પસંદ કરવાની દ્રષ્ટિ આપી છે.

**નાગપુરની પસંદગી**

જેમણે ભારતીય બૌદ્ધ ઈતિહાસનો અભ્યાસ કર્યો છે, તેઓ જાણે છે કે બુદ્ધના ધમ્મનો શરૂઆતમાં પ્રચાર કરનાર નાગ લોકો હતા. તેઓ અનાર્ય હતા. નાગ અને આર્ય વચ્ચે ભયંકર શત્રુતા અને દુશ્મનાવટ પ્રવર્તતી હતી. નાગ અને આર્યો વચ્ચે ભીષણ યુદ્ધો થયાં હતાં. આર્યો નાગનું સંપૂર્ણ નિકંદન કાઢવા માંગતા હતા. આ સંદર્ભમાં પુરાણોમાં ઘણી દંતકથાઓ મળી આવે છે. આર્યોએ નાગલોકોને જીવતા સળગાવી દીધા હતા. અગત્સ્ય ઋષિએ એક નાગને બચાવી લીધો હતો. દલિતો તેના વંશજો મનાય છે. આર્યોએ નાગ પર જોરજુલમો કરીને તેમને દબાવી દીધા હતા. એટલે નાગને એવા મહામાનવની જરૂર હતી જે તેમને મુક્તિ અપાવી શકે. તેમને બુદ્ધમાં એ મુક્તિદાતા દેખાયા. બુદ્ધે તેમને અવનતિ અને વિનાશમાંથી ઉગારી લીધા. એ જ નાગ લોકોએ સારાય વિશ્વમાં બુદ્ધના ધમ્મને ફેલાવ્યો. આ નાગ લોકો નાગપુરના મૂળ નિવાસી હતા.

નાગપુર શહેરમાંથી નાગમતિ નદી વહેતી હતી. નાગ લોકો આ શહેરમાં મોટી સંખ્યામાં વસતા હોવાથી નદીનું નામ નાગમતિ હોવાનું મનાય છે. ડૉ.આંબેડકરે ધર્મદીક્ષા માટે નાગપુરની પસંદગી કરવાનું કારણ તેનું આ ઐતિહાસિક મહત્વનું સ્થાન છે.

ઈ.સ. ૧૮૧૮માં પેશ્વા(બીજા)ને અંગ્રેજોએ હરાવ્યા તેની યાદમાં પૂના કેન્ટોનમેન્ટમાં અંગ્રેજોએ કોરેગાંવ કીર્તિ સ્તંભ ઉભો કર્યો છે. ડૉ.આંબેડકર હરેક વિજ્યાદશમીએ આ સ્થળે જઈને અંજલી આપતા. પેશ્વાના ૨૫૦૦૦ સૈનિકો અને ૫૦૦૦ ઘોડેસ્વાર લશ્કરના દળ સામે પાંચ અંગ્રેજ અફસર, ૩૦૦ ઘોડેસ્વાર અને ૫૦૦ સૈનિકના નાના એવા લશ્કરે યુદ્ધમાં પેશ્વાને હરાવ્યા હતા. અંગ્રેજોના પક્ષે રહેલા આ બહાદૂર સૈનિકો નાગ હતા.

**બુદ્ધ અને તેમનો ધમ્મ**

ડૉ.બાબાસાહેબ આંબેડકરે જીવનની ઉત્તરાવસ્થામાં ખૂબ જ પરિશ્રમ કરીને 'બુદ્ધ અને તેમનો ધમ્મ' ગ્રંથ ભારતીય બૌદ્ધોના લાભાર્થે લખ્યો હતો. આ પુસ્તકની હસ્તપ્રત તૈયાર હતી એ જ સમયે ભારતસરકાર બુદ્ધની ૨૫૦૦મી જન્મજયંતી મનાવી રહી હતી. ડો.આંબેડકરે આ ગ્રંથ તે ઉજવણીના ભાગ રૂપે છપાવવાની દરખાસ્ત કરી પણ સરકારે તે સ્વીકારી નહીં. એટલે બાબાસાહેબે સ્વખર્ચે તે છપાવ્યો હતો,. આ ગ્રંથમાં બુદ્ધ અને તેમના ધમ્મ વિશે બાબાસાહેબના મૌલિક ચિંતનનો નિચોડ છે.

# બુદ્ધિસ્ટો ધ્યાન-વિપશ્યનાથી દૂર રહે

## નવી નજરે

એન.વી. ચાવડા

માત્ર આંબેડકરવાદી બુદ્ધિસ્ટોએ જ નહીં પરંતુ જગતના તમામ બુદ્ધિસ્ટોએ ધ્યાન-વિપશ્યનાથી ખૂબ દૂર રહેવાની આવશ્યકતા છે. જેનું મુખ્ય કારણ એ છે કે ધ્યાન-વિપશ્યના બુદ્ધ ધર્મનો કોઈ હિસ્સો નથી. બીજું કારણ એ છે કે તેમાં સમય, શક્તિ અને સંપત્તિના વ્યર્થ બગાડ સિવાય કશી જ ઉપલબ્ધિ નથી અને ત્રીજું કારણ એ છે કે એનાથી બુદ્ધિસ્ટો અંતર્મુખી, એકાકી અને સમાજથી વિમુખ બની જાય છે. અર્થાત્ સમાજને થઈ રહેલાં અન્યાય, અત્યાચાર અને શોષણ વિરુદ્ધ સ્થાપિતહિતો સામે જે અવાજ ઊઠાવવાનો છે અને સંઘર્ષ કરવાનો છે, તેનાથી તે વિમુખ યા ઉદાસીન થઈ જાય છે અને બહુધા પોતાની ધ્યાન-ઉપાસનાની સાધનામાં જ વ્યસ્ત રહે છે અને પોતે બધું જ સુખ પ્રાપ્ત કરી લીધું છે તેવા ભ્રમમાં વ્યર્થ જીવન વ્યતીત કરે છે.

દેશ અને દુનિયાનો ઈતિહાસ કહે છે કે જે જે મહાન માણસો પૃથ્વી પર થઈ ગયા છે કે જેમણે મોટા-મોટા કાર્યો કરીને લાખો માણસોના જીવનમાં પરિવર્તનો આણ્યા છે અને સમગ્ર વિશ્વમાં પણ પોતાનો પ્રભાવ પાથર્યો છે તેમાંના કોઈ મહાનુભાવ ધ્યાન-વિપશ્યનાના ઉપાસકો નહોતા. બહુ દૂર જવાની જરૂર નથી. કારણ કે એના ઉદાહરણો આપણી સામે જ છે અને એ એટલાં બધાં જાણીતા ઉદાહરણો છે કે એના વિશે વિશેષ ટીકા-ટિપ્પણી કરવાની કોઈ જરૂર પણ નથી. કારણ કે આપણે સૌ અને સમગ્ર દુનિયા પણ એમનાથી સુપરિચિત છે, તે છે ગાંધી, નહેરુ, સરદાર અને આંબેડકર. દેશ અને દુનિયાને પ્રભાવિત કરનારા આ ચારેય મહામાનવો ધ્યાન-વિપશ્યનાના ઉપાસકો હરગિઝ નહોતા. ઈશુ ખ્રિસ્ત અને મહંમદ પયગંબર શું ધ્યાન-વિપશ્યના કરતાં હતાં ? એલેક્ઝાન્ડર, ચંદ્રગુપ્ત, અશોક અને અકબર પણ ધ્યાન-વિપશ્યનાના ઉપાસકો હોવાના કોઈ ઉલ્લેખો મળતાં નથી.

બુદ્ધે ધ્યાન-વિપશ્યના કરવાનો ઉપદેશ આપ્યો નથી. બુદ્ધ અને મહાવીર બંનેએ પંચશીલનો જ ઉપદેશ આપ્યો છે. પંચશીલનું પાલન કરનાર વ્યક્તિ શાંત, પ્રસન્ન અને નિર્ભય રહે છે. સંસારના પોતાના તમામ કાર્યોમાં તે સક્રિય, તત્પર અને જાગ્રત રહી શકે છે. એને પોતાનો સંકલ્પ યાદ રહે છે. તેથી તેને પૂર્ણ કરવા માટે તે પ્રયત્નશીલ રહે છે. જ્યારે ધ્યાન-વિપશ્યના કરનારનું મન અહર્નિશ ધ્યાન-વિપશ્યનામાં જ લાગેલું રહે છે. તેનો સંકલ્પ મોળો પડી જાય છે યા ભૂલી જાય છે.

અલબત્ત કોઈક ધ્યાન-વિપશ્યના કરનારા લોકો પણ મોટા, સારા અને સાચા કાર્યો કરનારાં અવશ્ય હોઈ શકે છે. પરંતુ એનું કારણ એ નથી કે તેઓ ધ્યાન-વિપશ્યના કરે છે, તેથી જ તેઓ મોટા કાર્યો કરી શક્યા છે. તેમના મોટા કાર્યોની સફળતાના બીજા અનેક કારણો હોય છે. જે સંશોધનનો વિષય બની જાય છે.

ધ્યાન-વિપશ્યના એ જીવનમાં કુવ્યવસ્થિત રીતે ઉતારેલી એક કુટેવ, આદત યા વ્યસન યા કુસંસ્કાર છે. જેમ કોઈએ સિગારેટ યા શરાબ પીવાની આદત પાડેલી હોય છે, તેના જેવું જ આ એક વ્યસન છે. દારૂ-શરાબની આદતવાળાને જેમ તેના વિના ચાલતું નથી તેમ જેણે ધ્યાન-વિપશ્યનાની આદત પાડી હોય તેને પણ તેના વિના ચાલતું નથી. જેમ કેટલાંક દારૂ-શરાબના બંધાણીને તેની ચોવીસ કલાકની આદત પડી જાય છે. તેમ કેટલાંક ધ્યાન-વિપશ્યના કરવાવાળા પણ નિરંતર ધ્યાન-વિપશ્યનામાં લાગેલાં રહે છે. અલબત્ત ધ્યાન-વિપશ્યના કરનારાઓને એનાથી થોડીક શાંતિ, સ્વસ્થતા અને પ્રસન્નતા પ્રાપ્ત થતી હોવાની શક્યતા જરાય નકારી શકાય એમ નથી જ. પરંતુ એ એક આદત યા વ્યસનથી વિશેષ નથી જ. સિગારેટ-શરાબ પીનારા પણ તેનાથી શાંતિ અનુભવે છે, અને હળવાફૂલ પણ થયાની અનુભૂતિ કરે છે. સંગીત સાંભળવાની જેણે આદત પાડી હોય તે વ્યક્તિ મનપસંદ સંગીત સાંભળીને ખુશ થઈ જાય છે એવી જ રીતે કોઈને ગાવાની આદત હોય છે, તો કોઈને જપ કરવાની હોય છે, તો કોઈને માળા ફેરવવાથી શાંતિનો અનુભવ થાય છે. વાસ્તવમાં આ બધાં વ્યસનો અને વિષયાંતર છે. વિષય બદલવાથી દુઃખ-દર્દ-સમસ્યા વગેરે ભૂલી જવાય છે. તેથી એટલો સમય શાંતિનો અનુભવ થાય છે. જ્યારે દુઃખ-દર્દ અને સમસ્યા તો એવાં ને એવાં જ ઊભા હોય છે. જેના અસલ કારણોનો નાશ કર્યા વિના તેનો નાશ કદી થઈ શકતો નથી. બુદ્ધે આપણને આ વાત કાર્ય-કારણના નિયમ દ્વારા ખાસ સમજાવી છે. જેમ પ્રાર્થના-પૂજા કરવાથી દુઃખ-દર્દો અને સમસ્યાઓનું સમાધાન થતું નથી તેમ ધ્યાન-વિપશ્યનાથી પણ કોઈ સમસ્યાઓનું સમાધાન થતું નથી.

ધર્મ એ સદીઓથી કેટલાંક રાજનેતા, ધર્મનેતા અને ધનવાનોના બનેલાં અપવિત્ર ગઠબંધનનો વ્યવસાય રહેલો છે, અર્થાત્ સદીઓથી જેમ ધર્મ અને ઈશ્વરને નામે જુદા જુદા વ્યવસાયો ચાલે છે, તેમ આઝાદી પછી આપણા દેશમાં પણ કેટલાંક નવા વ્યવસાયો પણ ખૂલ્યા છે. પ્રથમ યોગ પછી શિક્ષણ અને હવે રાજકારણ પણ એક ધંધો છે, એની જેમ જ આ વિપશ્યના અને ધ્યાન પણ એક જાતના ધંધા જ છે, જે અમુક લોકો ખોલીને કમાણી કરી રહ્યા છે. જે લોકો કમાણી ન કરતા હોય તેવા લોકો બુદ્ધિસ્ટોને અવળે માર્ગે ચડાવી રહ્યાં છે. જેમ વિવિધ ધંધાદારીઓ જાહેરાતો આપતા હોય છે તેમ ધ્યાન-વિપશ્યનાના ધંધાદારીઓ પણ જાતજાતની છેતરામણી જાહેરાતો કરતા હોય છે. અલબત્ત તમામને આ વાત લાગુ પડતી નથી જ. પરંતુ વિશાળ બહુમતી આવી જાહેરાતો અવશ્ય કરતી હોય છે. તેઓ કહેતા હોય છે કે જાપ-માળા-ધ્યાન વિપશ્યના આદિ કરવાથી તમામ દુઃખ-દર્દો દૂર થઈ જાય છે અને જીવનમાં કોઈપણ ક્ષેત્રમાં સફળતા અને સિદ્ધિ પ્રાપ્ત થાય છે. વાસ્તવમાં માણસને સિદ્ધિ અને સફળતા કુશળતાપૂર્વકના કર્મોને કારણે મળતી હોય છે. પરંતુ એવી સફળતાને આ ધંધાદારીઓ પોતાની કુશળતાથી ધ્યાન-વિપશ્યનાને નામે ચડાવી દેતાં હોય છે. કેટલાક વિપશ્યના કરાવવાવાળા તો ત્યાં સુધીનું સાહસ કરીને કહી નાખે છે કે વિપશ્યના કરનારને મહાન પુણ્ય પ્રાપ્ત થાય છે. એમના આ પુણ્યથી આલોક તો સુધરે છે, એટલું જ નહીં પરંતુ પરલોક પણ સુધરે છે. ઉપરાંત એ પુણ્યને કારણે પરલોકમાં કે જે કોઈ સ્થળે તેના મૃત સ્વજનો રહેતા હોય ત્યાં તેઓને સુખ અને આનંદ પ્રાપ્ત થાય છે. વાસ્તવમાં આ પાપ-પુણ્ય, પરલોક, પ્રારબ્ધ અને સ્વર્ગ-નરક એ વર્ણાશ્રમધર્મની કાલ્પનિક વિભાવનાઓ છે. બુદ્ધ એની સાથે હરગિઝ સંમત નથી અને ન હોઈ શકે. કારણ કે બુદ્ધનો ધર્મ અથવા બુદ્ધનો ઉપદેશ તર્ક, અનુભવ અને પ્રત્યક્ષ પ્રમાણના આધાર ઉપર ઉભો છે. જે વિધાન તાર્કિક નથી એ વિધાન બુદ્ધવચન નથી. તેથી પાપ-પુણ્ય, પરલોક, પ્રારબ્ધ અને સ્વર્ગ-નરક આદિ અતાર્કિક

વિભાવનાઓ હોવાથી તે બુદ્ધવચન નથી. આ વિભાવનાઓ વર્ણાશ્રમધર્મની વિભાવનાઓ હોવાથી વિપશ્યના કરનાર બુદ્ધિસ્ટ વ્યક્તિ જાણ્યે-અજાણ્યે વર્ણાશ્રમના કેટલાંક તત્વોને અપનાવી લઈને પોતાને અને પોતાના સમાજના ઉત્કર્ષ કરવાના સંકલ્પથી અને પુરુષાર્થવાદથી ચલિત થઈને પરલોક અને પ્રારબ્ધના પલાયનવાદી અને અકર્મણ્યતાના માર્ગે ચડી જાય છે. કદાચ કેટલીક વિપશ્યના કરાવનાર ધંધાદારી વ્યક્તિઓનું દલિતોને ખોટે રસ્તે ચડાવવાનું આમાં ધ્યેય છે. તેથી બુદ્ધિસ્ટોએ ધ્યાન-વિપશ્યનાથી સાવધાન રહેવાની આવશ્યકતા છે.

અલબત્ત બધાં જ ધ્યાન-વિપશ્યના કરનારા સમાન અને પલાયનવાદી યા પ્રારબ્ધવાદી હોય છે એવું કહેવાનો આશય જરાય નથી. અનેક ધ્યાન-વિપશ્યના કરનારા પુરુષાર્થી અને પરાક્રમી પણ હોય છે. પરંતુ અહીં તાત્પર્ય એ છે કે ધ્યાન-વિપશ્યનાને સ્વર્ગ-નરક કે પરલોક સાથે કોઈ સંબંધ નથી. કારણ કે જેનું અસ્તિત્વ જ ન હોય તેની સાથે તેનો સંબંધ કેવી રીતે હોઈ શકે ? ધ્યાન-વિપશ્યનાનો સંબંધ કેવળ આલોક સાથે જ છે. કારણ કે આલોકનું અસ્તિત્વ છે. કોઈ મિત્રો ધ્યાન-વિપશ્યના કરતા હોય તો તેઓ ભલે કરતા રહે. તેનો થોડોક માનસિક ફાયદો અવશ્ય છે. જેની પાસે સમય અને અનુકૂળતા હોય તે ભલે કરે. પરંતુ એની પાછળ કોઈ મિત્ર પોતાનો સમય ખોટી રીતે બરબાદ ન કરે અને વિપશ્યના કરાવનાર ગુરુને મહાન માનીને તેના ગપગોળાઓનો શિકાર ન બને તે જરૂરી છે. બુદ્ધિસ્ટ વ્યક્તિ કોઈપણ ગુરુગ્રંથ અને પંથથી મુક્ત હોવી જોઈએ. ધ્યાન-વિપશ્યના અનિવાર્ય આવશ્યકતા નથી જ. અલબત્ત વિપશ્યના કરનારને ક્યારેક કોઈક વ્યક્તિગત અગમ્ય અનુભવો થાય છે. ક્યારેક કોઈક નાદ (અવાજ) કે સંગીત સંભળાયા છે, તો ક્યારેક કોઈ રંગ, આકૃતિ, દશ્ય, વ્યક્તિ કે બિંદુ દેખાય છે. વાસ્તવમાં એ બધા જે તે વ્યક્તિના મન-મગજના અને શરીરના વ્યાપારો છે. જેનો અનુભવ એકાગ્રતાને કારણે થાય છે. એ અનુભવો શારીરિક અને માનસિક છે, ભૌતિક છે. આધિભૌતિક, દિવ્ય કે અલૌકિક એવું કશું જ એમાં નથી. જેમાં વ્યક્તિગત આનંદ કે દુઃખ પણ હોય છે. જેનો કોઈ બાહ્ય ઉપયોગ કે પ્રભાવ નથી. એનો કોઈ સામાજિક કે વ્યક્તિગત ઉત્કર્ષ યા ઉપયોગ નથી. આવા અનુભવો કરનાર વ્યક્તિ જ પંચશીલનું પાલન કરી શકે અને અન્ય ન કરી શકે એવું જૂઠ્ઠાણું કેટલાંક લોકો ચલાવે છે.

આ લખનાર (એન.વી. ચાવડા) આ બધું પોતાના તર્ક, અનુભવ અને પ્રત્યક્ષ પ્રમાણને આધારે લખે છે. કારણ કે તે ધ્યાન-વિપશ્યનાનો પીઢ-પુરાણો દર્દી છે.

# ખાનગી પ્રાથમિક શાળામાં નિઃશુલ્ક પ્રવેશ
# RTE હેલ્પલાઈન - ૯૪૨૮૪ ૯૫૭૨૪

**શિક્ષણ**

**ખાનગી પ્રાથમિક શાળાઓમાં મફત શિક્ષણ માટે કોને કોને પ્રવેશ મળે ?**

**૧.** શહેરી વિસ્તારમાં વાર્ષિક રૂ. ૬૮,૦૦૦/- અને ગ્રામીણ વિસ્તારમાં વાર્ષિક રૂ. ૪૭,૦૦૦/- સુધીની આવક ધરાવતા વાલીઓના ૬ થી ૧૪ વરસના બાળકોને પ્રવેશ મળે.

**૨.** ઉંમરને અનુરૂપ ધોરણમાં પ્રવેશ, શાળા બદલવાનો અધિકાર મળે.

**૩.** અનુસૂચિત જાતિ, જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત, અનાથ, વિધવા, વિધુર અને બિન અનામત એવા સામાન્ય વર્ગના તમામ ગરીબ બાળકોને પ્રવેશ મળે.

**૪.** બીપીએલ/એપીએલ, અપંગ, ગંભીર રોગગ્રસ્ત બાળકોને પ્રવેશ મળે.

**૫.** ૩૧ મેના રોજ ૫ (પાંચ) વરસ પૂરાં થતાં હોય તેવા તમામ બાળકને પ્રવેશ મળશે.

**કઈ કઈ શાળામાં આ કાયદા હેઠળ પ્રવેશ મળે ?**

**૧.** ખાનગી, પૂર્ણ કે અંશતઃ ગ્રાન્ટ લેતી શાળાઓમાં, **૨.** કેન્દ્રિય વિદ્યાલયમાં, **૩.** સહાય કે ગ્રાન્ટ નહીં લેતી ખાસ લક્ષણવાળી પ્રાઈવેટ શાળાઓમાં, **૪.** લઘુમતી શાળાઓ (સિવાય કે તે દરવરસે NOT Available Reservation School પ્રમાણપત્ર રજૂ કરે) માં ૨૫ % પ્રવેશ મળશે.

**પ્રક્રિયા :**

**૧.** દર વરસે ફેબ્રુઆરી માસમાં ધોરણ-૧ માં પ્રવેશ ફોર્મ ઓનલાઈન ભરવાની સરકાર જાહેરાત કરશે.

**૨.** શહેરી વિસ્તારના બાળકોના પ્રવેશ ફોર્મ જે તે જિલ્લાના જિલ્લા શિક્ષણાધિકારીની કચેરીમાં આપવા.

**૩.** ગ્રામ્ય વિસ્તારના બાળકોના પ્રવેશ ફોર્મ જે તે જિલ્લાના જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીની કચેરીમાં કે તાલુકા પંચાયતમાં આપવા.

**પ્રવેશ ફોર્મ સાથે જોડવાના આધારો**

**૧.** રેશન કાર્ડ **૨.** ચુંટણી કાર્ડ, **૩.** બાળકનો જન્મતારીખનો દાખલો **૪.** જાતિનું પ્રમાણપત્ર **૫.** બીપીએલનો દાખલો અથવા આવકનો દાખલો. **૬.** પિતા/વાલીની બેન્ક પાસબુક **૭.** બાળકનો કલર ફોટો

**ખાસ નોંધ :**

તા. ૧-૦૬-૨૦૧૧થી ૧-૦૬-૨૦૧૩ દરમિયાન અને તા.૩૧-૦૫-૨૦૧૩ પહેલાં જન્મેલા અને જેમને આ કાયદા હેઠળ હજુ પ્રવેશ મળેલ ન હોય તેવા બાળકોના નામ – સરનામા, સાથેની વિગતો નીચેના સરનામે મોકલો.

**એન.પી. ચિત્રોડા,**
**મારબ સેવા સંસ્થા , ૭, લક્ષ્મી સોસાયટી, પ્લોટ નં.૩૯,**
**નાનામવા રોડ, રાજકોટ-૩૬૦૦૦૪**
Mo. ૯૪૨૮૪૯૫૭૨૪
E-MAIL- maarb2011@gmail.com

**'દલિત અધિકાર'**
**પ્રકાશ મહેરિયા**
**તંત્રી, દલિત અધિકાર,**
**એડવોકેટ અને નોટરી**
**૯, એ-વિંગ, સેકન્ડ ફ્લોર, પુષ્પ ઈન્ડસ્ટ્રીયલ પાર્ક અને અર્કેડ, પટેલ મિલ પાસે, જુની રાજપુર મિલ કમ્પાઉન્ડ, રખિયાલ, અમદાવાદ મો. ૯૯૨૫૭ ૧૯૫૬૫**

# શ્યામ રંગ સમીપે ન જાવું

## સવાલ

પ્રવીણ ગઢવી

દયારામની પંક્તિ છે :

*'શ્યામ રંગ સમીપે ન જાવું,*
*મારે આજ થકી શ્યામરંગ સમીપે ન જાવું.*
*મુને શશિવદની કહી છે રે*
*ત્યારની દાઝ લાગી છે અંગે'*

શામળાથી છેડાયેલી ગોપી શ્યામ રંગની તમામ વસ્તુઓનો બહિષ્કાર કરે છે. વળી કહે છે :

*'કહાનકુંવર કાળા છો,*
*અડતાં હું કાળી થૈ જાઉ...'*

તો કૃષ્ણ પ્રત્યુત્તર આપે છે

*'તું મુજને અડતાં શ્યામ થૈશ*
*તો હું કયમ ના થાઉં ગોરો ?'*

કૃષ્ણના શ્યામવર્ણને નરસિંહ મીરાંએ પણ એટલો જ ચાહયો છે તેના રંગને લાડ લડાવ્યા છે.

*'સખી મુને શામળિયો વ્હાલો..'*

તો મીરાં પણ ગાય છે :

*'શામળિયા વ્હાલા પાતળિયા રે*
*મારી સેજે આવોને શામળિયા...'*

નરસિંહ મીરાંનાં તો કેટલાંય પદો અને ભજનો શ્યામરંગનો મહિમા ગાતાં મળે.

સવાલ એ થાય છે કે આપણા સમાજને શ્યામ રંગના કૃષ્ણ ગમે પણ શ્યામ રંગના જમાઈ કે પુત્રવધૂ કેમ ન ગમે ? શ્યામ રંગની પુત્રી હોય તો તે ખરે જ 'સાપનો ભારા' બને એને ઠેકાણે પાડતાં મા-બાપનો દમ નીકળી જાય! ગરીબ, અપંગ કે કાળો જ જમાઈ શોધવો પડે અને ઢગલો દહેજ આપવું પડે!

આપણા ભગવાન બધા કાળા અને આપણને જમાઈ, પુત્રવધૂ, પુત્રી જોઈએ ગોરાં એવું કેમ ?

આર્યો ઉત્તરના ઠંડા પ્રદેશમાંથી સિંધુનાં મેદાનોમાં આવ્યા હતા, તેથી તે કુદરતી રીતે ગૌર વર્ણના હતા. જ્યારે મૂળ ભારતવાસી અનાર્યો, દ્રવિડો, દાસ, દસ્યૂઓ, રાક્ષસ, અસુર વગેરે સૂર્યપ્રકાશની તીવ્રતાને કારણે કુદરતી રીતે ઘઉંવર્ણા કે શ્યામવર્ણના હતા.

આર્યો વિજેતા હતા, અનાર્યો પરાજિત હતા. વિજેતા પોતાને શ્રેષ્ઠ માને તે સહજ છે એટલે આર્યોએ પોતાના ગૌરવર્ણને ગૌરવરૂપ માન્યો અને અનાર્યોના શ્યામ વર્ણને હીન ગણ્યો.

સામાજિક વ્યવસ્થા માટે અને પોતાને સર્વોચ્ચ સ્થાને સ્થાપવા માટે પુરોહિત વર્ગ-બ્રાહ્મણોએ વર્ણાશ્રમની રચના કરી. હકીકતમાં તે વ્યવસ્થાશ્રમ કહેવો જોઈએ. કેમ કે સમાજમાં ચાર ભાગ વ્યવસાય મુજબ કરવામાં આવ્યા. બ્રાહ્મણો વિદ્યાપાઠ કરે, યજ્ઞ યાગ કરે, પુરોહિત બને, અમાત્ય બને. ક્ષત્રિયો શસ્ત્રવિદ્યા ભણે, વિશ એટલે કે જાતિનું રક્ષણ કરે, વૈશ્ય વ્યાપાર કરે અને શૂદ્ર ઉપલા ત્રણ વર્ગોની સેવા કરે, એવા વ્યવસાય આધારિત વિભાજનને તેમણે 'વર્ણાશ્રમ' નામ આપ્યું. જેને વર્ણરંગ સાથે સ્નાનસૂતકનો સંબંધ નહોતો. આર્યોને ગૌર વર્ણની માયા હતી. એટલે પ્રથમ ત્રણ વર્ણો ગૌર અને શૂદ્ર એટલે કે અનાર્યો શ્યામ વર્ણ .

વેદકાળના દેવોમાં ઈન્દ્રના વાળ લાલ કહયા છે. બીજા તો સૂર્ય વાયુ, વરુણ , અગ્નિ વગેરે પ્રાકૃતિક દેવો છે.

પુરાણકાળમાં બ્રહ્મા લાલ કે ગુલાબી કલ્પ્યા છે. વિષ્ણુ વાદળી રંગના કલ્પ્યા છે. તો અનાર્યો-શૂદ્રોના દેવને પોતાના કરવા માટે શિવજીને ગૌરવર્ણના કલ્પ્યા છે. પરંતુ વિષ પીવાને લીધે તેમને નીલકંઠ માન્યા છે.

વિષ્ણુના નવ અવતારમાંના મત્સ્ય, કૂર્મ, વરાહ અવતારો તો પ્રાણીઓના છે. ચોથો અવતાર નરસિંહ એટલે કે સિંહ અને માનવીનો અવતાર છે. પાંચમો વામન અવતાર છે. બ્રાણરૂપે હતા એટલે ગૌર તો હશે જ. પરંતુ ઠીંગણા-કદરૂપા હતા. છઠ્ઠો અવતાર પરશુરામનો-તે તો બલિષ્ઠ બ્રાહ્મણ હતા. એટલે ગૌર-ઉંચા-પ્રભાવશાળી હતા. સાતમો અવતાર રામનો. રામ શ્યામ વર્ણના કેમ થયા તે સમજાતું નથી. તુલસી રામાયણ પ્રમાણે લક્ષ્મણ ગોરા હતા. આઠમો અતવાર કૃષ્ણનો. તે પણ શ્યામ! નવમો બુદ્ધ અવતાર કલ્પ્યો છે. બુદ્ધ તો સોહામણા, રાજકુમાર હતા. ગ્રીક શિલ્પીઓએ તેમને હતા તેથીય વધુ સોહામણા કલ્પી મૂર્તિઓમાં આકાર્યા છે.

પૂજા તો રામ-કૃષ્ણ અને શિવની થાય છે. તેમાંના રામકૃષ્ણ તો શ્યામવર્ણી, શિવજી ભભૂતિ લગાવવાના કારણે શ્યામ વર્ણના લાગતા હશે.

આમ બનવાનું કારણ ચોકકસ તો કહી શકાય તેમ નથી, પરંતુ સમયાન્તરે આર્યોએ અનાર્ય સ્ત્રીઓ સાથે લગ્નો કર્યા. પરિણામે ઘઉંવર્ણા આર્યો પેદા થયા. તેથી સ્વાભાવિક જ એમણે એમના દેવ એમના જેવા જ કલ્પ્યા. અનાર્ય સ્ત્રીઓએ પણ શ્યામ વર્ણના દેવની સહજ કલ્પના કરી હોય, એમ બને.

એ જે હોય તે, પરંતુ હિન્દુ સમાજની વિડંબણા ગણો કે વિસંગતતા પુત્રપુત્રી પુત્રવધૂ જ માતા, ગમે ગૌર વર્ણના અને પૂજા શ્યામ વર્ણના રામકૃષ્ણની. કાળિયા શૂદ્રો કે હબસીઓ તો દીઠે ન ગમે ! પરંતુ કાળિયા ઠાકોરની જય જય !

*'શ્યામ રંગ સમીપે ન જાવું !'*

## આંગળીથી નખ વેગળા એ વેગળા

RSS સંલગ્ન 'મુસ્લિમ રાષ્ટ્રીય મંચ' રામમંદિર નિર્માણ અને ત્રિ-તલાક મુદ્દાઓ પર મુસ્લિમ મૌલવીઓ અને મુસ્લિમ સમાજસેવીઓની સર્વાનુમતિ સધાય એ માટે હરિદ્વારમાં એક કાર્યક્રમ કરવાની હતી,

પણ હરિદ્વારની બે પુરોહિત સભાઓ એ માટેના સભાસ્થળને હરિદ્વાર નગરથી ૨૦ કિલોમીટર દૂર ખસેડવા RSS પર જોરદાર દબાણ કરી રહી છે.

'બ્રાહ્મણ સભા' અને 'યુવા તીર્થ પુરોહિત મહાસભા' નામનાં બે સંગઠનો વતી પ્રમુખ ઉજ્જ્વળ પંડિતે RSSના પ્રાંત પ્રચારક યુદ્ધવીરસિંહને વિરોધ પત્ર પાઠવીને દલીલ કરી છે કે હરિદ્વાર નગરપાલિકાના બાય-લોઝ મુજબ બિન-હિંદુઓ દ્વારા હરિદ્વાર નગરની સીમામાં કશી સામાજિક કે ધાર્મિક પ્રવૃત્તિ કરવાની મનાઈ છે !

**('ધ ટાઈમ્સ ઓફ ઈન્ડિયા', ૩ મે ૨૦૧૭ના અંકમાં પ્રગટ થયેલ સમાચાર)**

# પાલીતાણામાં ઉજવાઈ ૧૨૬મી આંબેડકર જયંતી

## અવસર

ફાધર વર્ગીસ પૉલ

પાલીતાણા એક પ્રાચીન યાત્રાધામ છે. અહીં દેશવિદેશના હજારો જૈન યાત્રિકો તથા ઈતર ધર્મોના પ્રવાસીઓ મુલાકાતે આવે છે. બધા લોકો અતિ પ્રાચીન જૈન સંસ્કૃતિનો અનુભવ કરે છે. તો જૈન ભવિકો પર્વતની ટોચ પર આદિનાથનાં દર્શન કરી ધન્યતા અનુભવે છે.

પિસ્તાલીસેક વર્ષ પહેલાં ગુજરાતમાં મારા સાંસ્કૃતિક ઘડતરના ભાગરૂપે પાલીતાણાના પર્વતની ટોચ પરના જૈન દેરાસરો અને આદિનાથની મૂર્તિઓનાં દર્શન કરવાની મને તક મળી હતી. પરંતુ આ વખતે ૨૦૧૭ એપ્રિલના બીજા અઠવાડિયામાં પાલીતાણા ખાતે સેવા બજાવતા કાર્મેલાઈટ ફાધર મેથ્યુ કાલત્તૂર, CMI અને ત્યાંના ખ્રિસ્તીઓના આમંત્રણથી હું પાલીતાણા પહોંચ્યો હતો. ત્યાં રેલવે ક્રોસિંગ પાસે સેન્ટ મેરીસ પ્રાર્થનાલય (ચર્ચ) અને ત્યાંથી થોડે દૂર એક મુસ્લિમ મસ્જિદ પણ જોતાં મને સાનંદાશ્ચર્ય થયું હતું. પાલીતાણામાં સોએક ખ્રિસ્તીઓની વસતી છે. મુસ્લિમોની વસતી એના કરતાં વધારે છે.

પરંતુ મને સૌથી વધારે નવાઈ પમાડનાર બાબત પાલીતાણા અને આસપાસના દલિતોએ 'ભીમ બ્રિગેડ યુવા ગ્રુપ'ના નેજા હેઠળ યોજેલી ડૉ. ભીમરાવ આંબેડકરની ૧૨૬મી જન્મજયંતી ઉજવણીની હજારેક લોકોની ભવ્ય જાહેરસભા હતી.

પાલીતાણા ખાતે વડિયા રોડ પાસે ગણેશનગરમાં વિશાળ મંડપના મંચ પર વીસેક મહાનુભાવો હતા. એમાં ભાવનગરથી આવેલા મુખ્ય બે વક્તાઓ કે. બી. બાબરિયા અને બિપિનભાઈ ચાવડા સાથે વિરાગ સાગરજી અને ફાધર મેથ્યુ કાલત્તૂર જેવા ધાર્મિક પ્રતિનિધિઓ, દલિત સમાજના આગેવાનો, શહેરનાં નાગરિક નેતાઓ, રાજકીય આગેવાનો હતાં.

બિપિનભાઈ ચાવડાએ દલિતોદ્ધાર માટે વિશેષ તો શૈક્ષણિક, સામાજિક, આર્થિક અને રાજકીય ક્ષેત્રોમાં ડૉ. બાબાસાહેબ આંબેડકરે કરેલી અનન્ય સેવાઓનો શ્રોતાજનોને ખ્યાલ આપ્યો હતો. બિપિનભાઈ ચાવડાએ કહ્યું કે, ડૉ. બાબાસાહેબ આંબેડકરને કારણે આપણે આજે આ સ્થિતિમાં છીએ . કે.બી. બાબરિયાએ મનુસ્મૃતિમાંથી અવતરણો આપીને આજે પણ કહેવાતા ઉચ્ચવર્ણના લોકોની માનસિકતાનો ખ્યાલ આપવા સાથે એમાંથી દલિતોને છોડાવવા ડૉ. આંબેડકરના ક્રાંતિકારી પગલાંનું વર્ણન કર્યું. એમણે વધુમાં કહ્યું કે, આપણા ભારતીય બંધારણના ઘડવૈયા ડૉ. ભીમરાવ આંબેડકરના પ્રતાપે મનુસ્મૃતિની સંસ્કૃતિથી બચીને આપણે સ્વમાન અને સમાનતાની ભાવનાથી જીવી શકીએ છીએ.

મારા ટૂંકા પ્રવચનમાં મેં નાગપુર ખાતે દીક્ષાભૂમિની મારી તાજેતરની મુલાકાતની વાત કરી હતી. ડૉ. બાબાસાહેબ આંબેડકરે ૧૯૩૫માં કહ્યું હતું કે, 'હું હિન્દુ ધર્મમાં જન્મ્યો છું. પરંતુ હિન્દુ તરીકે મરીશ નહિ.' ડૉ. આંબેડકરે ૧૪ ઓક્ટોબર ૧૯૫૬ના રોજ દીક્ષાભૂમિમાં પોતાનાં પત્ની સાથે બૌદ્ધધર્મ અપનાવીને પોતાના વચનને સાચું ઠરાવ્યું હતું. એટલું જ નહિ પણ તેમણે પોતાના ૬ લાખ જેટલા દલિત અનુયાયીઓને ૨૨ વ્રતો લેવડાવીને બૌદ્ધધર્મમાં લાવ્યા અને સમગ્ર દુનિયામાં એકસાથે સૌથી મોટા ધર્મપલટાનો વૈશ્વિક ઈતિહાસ સર્જ્યો!

વળી, મેં કહ્યું કે, આજે ડૉ. આંબેડકરને દલિતોના મસીહા તરીકે પોંખવામાં આવે છે. પરંતુ મારી દૃષ્ટિએ આંબેડકર ફક્ત દલિતોના મસીહા નથી. પણ તેમણે કહેવાતા સવર્ણ લોકોને કોમવાદી માનસિકતા અને મનુસ્મૃતિની પકડમાંથી મુક્ત કરવાને પણ નોંધપાત્ર પ્રદાન આપ્યું અને એમની દોરવણી હેઠળ ઘડેલા ભારતીય બંધારણની દૃષ્ટિએ આંબેડકરને સમગ્ર ભારતવાસીઓના મસીહા પણ ગણવા જોઈએ. હિન્દુ શાસ્ત્રોની 'ઢોર, ગંવાર, શૂદ્ર ઔર નારી સબ તાડન કે અધિકારી' જેવી ઉક્તિને આંબેડકરે જ જાહેરમાં પડકારી છે.

ડૉ. આંબેડકરે દલિતો સામેના અસ્પૃશ્યતા નિવારણ માટે ઘણું બધું કર્યું છે. છતાં નરી વાસ્તવિક્તા એ છે કે, આજે પણ અમુક લોકો વિશેષ તો ગામડાંઓમાં અસ્પૃશ્યતા રાખે છે! અસ્પૃશ્યતા રાખનાર અને અસ્પૃશ્યતાના તાબે રહેનાર - બંનેની માનસિકતા બદલવાની જરૂર છે. અસ્પૃશ્યતાના સર્વ પ્રકારના દેખાવ સામે નક્કર પગલાં લેવાની જરૂર છે. જ્યાં સુધી અસ્પૃશ્યતા સામે લડવામાં ન આવે ત્યાં સુધી દલિતોને બીજા બધા લોકો સાથેની સમાનતા અને સ્વમાનનો અધિકાર મળવાનાં નથી.

પાલીતાણા ખાતે 'ભીમ બ્રીગેડ યુવા ગ્રુપ' આયોજિત ડૉ. ભીમરાવ આંબેડકરની ૧૨૬મી જન્મજયંતીની ભવ્ય ઉજવણીમાં હાજર રહેવાથી મને લાગ્યું કે, આજનો દલિત યુવાન ડૉ. આંબેડકરના આદેશને અનુસરવા કટિબદ્ધ છેઃ 'શિક્ષિત બનો, સંગઠિત બનો અને સંઘર્ષ કરો.'

### દલિતોને જોઈએ છે 'ઈસેન્શિયલ આંબેડકર'
### જમણેરીઓ અને ડાબેરીઓને જોઈએ છે 'પેરીફરલ આંબેડકર'

જમણેરીઓ સાથે સાથે હવે ડાબેરીઓ પણ પોતાને અનુકૂળ બની રહે તેવા આંબેડકરને શોધી રહ્યા છે એમના પુસ્તકો અને પ્રવચનોમાંથી !

તેઓને 'essential Ambedkar' એટલે કે એમના કેન્દ્રબિંદુ સમાન વિચાર (જ્ઞાતિવીહીન સમાજરચના) અને સર્વોચ્ચ મહત્વના (દલિતમુક્તિના) મિશનને બાજુએ ફગાવીને, પોતપોતાના રાજકીય એજન્ડા પાર પાડવામાં મદદરૂપ થાય તેવા 'peripheral Ambedkar' એટલે કે પરિઘ પર ધકેલાયેલા છતાં પણ દેશના અન્ય પ્રશ્નો બાબતે વ્યાપક અને છતાં વિશદ વિહંગાવલોકન કરી શકતા આંબેડકરની વધારે જરૂર વર્તાય છે.

**નીરવ પટેલ**

### શું આપે હજુ પણ 'દલિત અધિકાર'નું લવાજમ ભર્યું નથી

'દલિત અધિકાર' અંકના છેલ્લા પાને આપની સરનામા કાપલી પર આપે લવાજમ ભર્યાની તારીખ અને પહોંચ નંબર લખેલ હોય છે. જેમની લવાજમની મુદત પૂરી થઈ હોય તે ગ્રાહકોને તુરત જ લવાજમ રિન્યુ કરાવવા વિનંતી છે. જે વાચકની સરનામા કાપલીમાં લવાજમ ભર્યાની તારીખ કે પહોંચ નંબર ન હોય તેમને પણ તુરત જ લવાજમ ભરી દેવા વિનંતી છે.

**એક વર્ષનું લવાજમ રૂ. ૫૦/-,**
**બે વર્ષનું લવાજમ રૂ. ૧૦૦/-**

## દલિત કવિતા

### રહેઠાણ મારું નામ

મને બરાબર યાદ છે એ દિવસો
પ્રાથમિક શિક્ષણ પૂરું કરી
કંઈક બનવાની ઘેલછામાં
હું ભણવા ગયો
એક અજાણ્યા નગરમાં
જ્યાં ના કોઇ મારું હતું
હતાં તો હું અને મારું પરિણામ.
શાળાના પ્રથમ દિવસે
કોઈને ખબર ના પડી
ખબર પડી
તો મારી હોંશિયાર હોવાની છાપની
પણ છાપ ભુસાઇ ગઈ
રેતીના પગલાની જેમ
શિક્ષક દ્વારા પૂછવામાં આવ્યાં
નામ અને રહેઠાણ.
પછી બની ગયું
મારું રહેઠાણ મારું નામ :
બી.સી. બોર્ડિંગ.
ડગલે ને પગલે યાદ કરાવ્યું
રહેઠાણ રૂપી મારું નામ
ના રહી હોંશિયાર તરીકેની છાપ
ના રહ્યું મારું નામ.
મને તો યાદ રહ્યું મારું રહેઠાણ રૂપી નામ :
બી.સી બોર્ડિંગ.

**મેહુલ ચાવડા**

### ભૂખ

શરીરે ભૂખ વીંટાળી
ભૂખને ઘર બનાવી
વિક્ટોરિયા સ્ટેશનની બહાર
બેઠેલા તે માણસની
ખાલી દૃષ્ટિ સામે
હું નગ્ન છું.

**ગોપિકા જાડેજા**

### ગઝલ

વધે, ના પાડવા સાથે જ આખા ગામની નફરત
મરેલા ઢોર તાણે તો જ રાજી ગામની રૈયત
ન તાણે તો મજૂરી શાકભાજી દૂધ ના પામે
ગળામાં ગાળિયો નાખે મરેલા ઢોરની બાબત
પશુ જીવિત ત્યાં સુધી મલાઈ ખાય માલિકો
મરે તે ત્યારથી દલિતની કહેવાય અસ્કયામત
મરેલા ઢોરના નકારવાથી વાળ ના કાપે
નથી હજામને તો આ વિષય સાથે કશી નિસબત
નહીં ખેંચે મરેલા ઢોર તે સંકલ્પની સામે
સવાલો છે, જવાબો આપવા જેવી નથી હાલત.

**આત્મારામ ડોડિયા**
**(રાંતેજ દલિત અત્યાચારના સમાચાર વાંચીને)**

## દિલના દરવાજે દસ્તક

(ડૉ. બાબાસાહેબ આંબેડકરનાં આત્મકથનાત્મક લખાણો)




: અનુવાદ :
ઉર્વીશ કોઠારી,
ચંદુ મહેરિયા,
: પ્રકાશક :
દલિત અધિકાર પ્રકાશન,
બી-૫૮, ન્યૂ હીરાબાગ સોસાયટી,
ગુરુકૃપા સ્કૂલ પાસે, સી.ટી.એમ.,
અમદાવાદ-૩૮૦૦૨૬.
કિંમત : રૂપિયા ૩૦/-
મો. નં. ૯૮૨૪૬ ૮૦૪૧૦

નવી આવૃત્તિ પ્રગટ થઈ ગઈ છે.
૨૫ કે તેથી વધુ નકલો રૂબરૂમાં અડધી કિંમતે માત્ર રૂ. ૧૫/-માં મળશે

**દલિત અધિકાર** પાક્ષિક

માલિક, મુદ્રક, પ્રકાશક, તંત્રી : પ્રકાશકુમાર આર. મહેરિયા
૧૭૯૦, અબુકસાઈની ધાબાવાળી ચાલી, રાજપુર,
પોસ્ટ ઓફિસ સામે, અમદાવાદ-૩૮૦૦૨૧
ફોન : (મો.) ૯૮૨૪૬ ૮૦૪૧૦, ૯૯૨૫૭ ૧૯૫૬૫
મુદ્રણ સ્થાન : માંગલ્ય મુદ્રણાલય,
૧૦૭, પાર્વતી ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, તાવડીપુરા, અમદાવાદ.